જીગર
Jigar Publicity
Publisher of Industrial Directory
+91 99989 80519

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 07 DATE: 01- 07 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ વદ એકમ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણીમાં મતદારોએ ૧ વર્ષના મતદાનમાં વિકાસ પેનલને ૨ વર્ષની સત્તા લખી આપી





| FINAL ELECTION RESULT 2026 | | | |
|---|---|---|---|
| RANK | No | OUT OFF | 1158 |
| COR | 1 | Patel Krunal B. | 588 |
| COR | 2 | Shah Parag I. | 496 |
| | | | |
| REV | 1 | Patel Hasmukh J. | 665 |
| REV | 2 | Sheladia Ravi R. | 419 |
| | | VIKAS PANEL | |
| # | No | Candidate | Votes |
| 1 | 8 | Patel Kamlesh L. (Gami) | 636 |
| 2 | 2 | Desai Valamji H. | 611 |
| 3 | 3 | Dudhat Hasmukh D. | 606 |
| 4 | 1 | Chaudhary Jasu S. | 602 |
| 5 | 16 | Vithlani Sandeep N. | 600 |
| 6 | 9 | Patel Kapil A. | 572 |
| 7 | 10 | Patel Niraj Khodabhai | 557 |
| 8 | 5 | Kanani Jayant P. | 545 |
| 9 | 15 | Sudani Maulik Jaysukhbhai | 520 |
| 10 | 14 | Shah Chirag P. | 517 |
| 11 | 7 | Patel Dinesh R. | 515 |
| 12 | 12 | Savaliya Alpesh L. (Dr.) | 503 |
| 13 | 4 | Gandhi Jatin B. | 498 |
| 14 | 13 | Savalia Chitrang V. | 486 |
| 15 | 11 | Radadia Ankur D. | 462 |
| 16 | 6 | Patel Amrut S. | 442 |
| REJECT | | | 74 |

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ ની મેનેજીંગ કમિટીના સભ્યો માટેની ચૂંટણીમાં વિકાસ પેનલને ૮ બેઠક જયારે સહયોગ પેનેલને ૨ બેઠક મળી છે. આ સાથે આ પરિણામે વિકાસ પેનલને વર્ષ ૨૦૨૭-૨૮ માટે પણ સત્તા માટેનો પરવાનો આપી દીધો છે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન કાર્યાલય ખાતે યોજાયેલ ચૂંટણી માટેની મત ગણતરી મોડી રાત્રી ૨:૦૦ વાગ્યા સુધી ચાલી હતી. શરુઆથી જ વિકાસ પેનલે સરસાઈ મેળવી લીધી હતી. પરિણામ એક તરફી ઝૂકવા માંડ્યું હતું. તેમાં કોર્પોરેટ કેટેગરી અને રિઝર્વ કેટેગરીમાં શરૂઆતથી જ વિકાસ પેનલના ઉમેદવારો જંગી સરસાઈ સાથે આગળ નીકળી ગયા હતા. જ્યાં સંપૂર્ણપણે એકતરફી પરિણામ ચાલી રહ્યું હતું.

જયારે જનરલ કેટેગરીમાં વિકાસ પેનલ આગળ ચાલી રહી હતી. પરંતુ સહયોગ પેનલના જશુ ચૌધરી અને હસમુખ દૂધાત આગળ હતા. તેમને તે સરસાઈ છેક સુધી જાળવી રાખી હતી અને વિજેતા બન્યા હતા. જયારે સહયોગ પેનલના ચિરાગ શાહ આઠમા સ્થાન માટે સતત હરીફાઈમાં હતા. ૧૧૫૮ વોટની ગણતરીમાં ૧૧૨૫ વોટની ગણતરી થઇ ત્યારે તેઓ ફક્ત ૧ વોટથી જ ૮ માં સ્થાન માટે દૂર હતા. પરંતુ છેલ્લે નસીબે સાથ છોડી દીધો અને તેઓ પાછળ પડી ગયા. મતગણતરીને અંતે તેઓ ૧૦ માં સ્થાને હતા. જયારે વિકાસ પેનલના કમલેશ ગામી, વાલમજી દેસાઈ, સંદીપ વિઠલાણી અને કપિલ પટેલ શરૂઆતથી અંત સુધી આગળ રહ્યા હતા. જયારે વિકાસ પેનલના નીરજ પટેલ, જયંત કાનની અને સહયોગ પેનલના ચિરાગ શાહ અને દિનેશ પટેલ વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યો હતો. અંતે વિકાસ પેનલના બંને ઉમેદવાર વિજયી બન્યા હતા.

રિઝર્વ કેટેગરીમાં હસમુખ પટેલે શરૂઆતથી જ સરસાઈ મેળવી લીધી હતી. જે અંતર સતત વધતું ગયું હતું. કોર્પોરેટ કેટેગરીમાં કૃણાલ પટેલ વિજયી બન્યા હતા.

વિજેતા ઉમેદવારોમાં (૧) કોર્પોરેટ કેટેગરી પટેલ કૃનાલ બી. (વિકાસ), (૨) રિઝર્વ કેટેગરી પટેલ હસમુખ જે. (વિકાસ)

જયારે જનરલ કેટેગરીમાં વિકાસ પેનલમાંથી (૧) પટેલ કમલેશ એલ. (ગામી) (૨) દેસાઈ વાલમજી એચ. (૩) વિઠલાની સંદીપ એન.(૪) પટેલ કપિલ એ. (૫) પટેલ નીરજ કે. (૬) કાનાની જયંત પી. જયારે સહયોગ પેનલમાંથી (૧) દુધાત હસમુખ ડી. (૨) ચૌધરી જસુ એસ. વિજેતા બન્યા હતા.

આ સાથે ૩૦ સભ્યોની મેનેજીંગ કમિટીમાં વિકાસ પેનલ ની ૨૧ બેઠક અને સહયોગ પેનલની ૯ બેઠકનું સંખ્યાબળ થયું છે. એટલેકે સત્તાના સૂત્રો વિકાસ પેનેલના હાથમાં રહેશે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવાએ પોતાની પ્રતિક્રિયા આપતા વિકાસ પેનલ ઉપર વિશ્વાસ મુકવા બાદલ સૌ ઉદ્યોગકારોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમને વિકાસ પેનલના સૌ કાર્યકર્તાઓનો ચૂંટણી દરમ્યાન કરેલી મહેનત બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમને જણાવ્યું હતું કે અંકલેશ્વરને ક્રિટીકલ પોલ્યુટેડ ઝોનમાંથી કાઢવા માટે પ્રયાસો કરવામાં આવશે અને તેમાં અચૂક સફળતા મેળવીશું. અંક્લેશ્વરને મોડેલ એસ્ટેટ બનાવવામાં આવશે.

સહયોગને આ કારમી હાર માટેના કારણો માટે મનોમંથન કરવું રહ્યું.

# AIA ની ચૂંટણીમાં રદ થયેલ મત પરિણામ પર અસર કરે તેટલું મોટું પ્રમાણ હોય છે

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણીમાં રદ થયેલ મતની સંખ્યા એટલી મોટી છે કે તે પરિણામ બદલવા સક્ષમ હોય છે. તે પરિણામ ઉપર કેવી અસર કરી શકે તે જોવું રસપ્રદ બની રહેશે.

આ વર્ષે એટલેકે વર્ષ ૨૦૨૬-૨૭ ની મેનેજીંગ કમિટી માટેની ચૂંટણીમાં ૧૧૫૭સભ્યોએ મતદાન કર્યું. તેમાંથી ૭૪ મત રદ થયા. ટકાવારીમાં જોઈએ તો ૬.૩૯ ટકા મત રદ થયા. ઉદ્યોગકારો જેઓ વિદ્યમાન છે. એક ઈન્ડસ્ટ્રીઝ ચલાવે છે. અનેક લોકોને રોજગારી આપે છે. તેમાં આ ટકાવારી ખુબ વધારે કહેવાય. તેથી પણ મોટી વાત એ છે કે આ મત પરિણામ પર બહુ ગંભીર અસર કરી શકે છે.

આપણે એક કલ્પના કરીએ કે આ બધા જ મત સહયોગ પેનલને મળે તો તેના બીજા ૨ સભ્યો જનરલ કેટેગરીના ૮ માં સ્થાન પામી શકે. પરિણામ ઉલટાઈને ૪ સભ્યો સહયોગના અને ૪ સભ્યો વિકાસના તેવું પરિણામ બની શકે. જો કે આ તો કલ્પના છે. બધા મત સહયોગના હોય તે શક્ય નથી. વર્ષ ૨૦૨૫-૨૬ ની મેનેજીંગ કમિટી માટેની ચૂંટણીમાં ૧૦૫૭સભ્યોએ મતદાન કર્યું હતું. તેમાંથી ૧૧૮ મત રદ થયા. ટકાવારીમાં જોઈએ તો ૧૧.૧૬ ટકા મત રદ થયા. આ ટકાવારી ખુબ વધારે કહેવાય.

જો કે એકસાથે ૧૦ મત આપવાના હોવાથી ભૂલ થવાની સંભાવના રહે છે. પરંતુ રદ થયેલ મત પરિણામ પર અસર કરે છે તેથી તે બાબતમાં વિચારવું રહ્યું અને આ બાબતમાં મત રદ થવાની ટકાવારી ઓછી થાય તેવા પ્રયાસ કરવા જોઈએ.




**FOR SALE**

1. G.L Reactor 100 Litter to 10,000 Litter
2. G.L Receiver 100 Litter to 10,000 Litter
3. Cooling Tower 30TR to 600 TR
4. PP. Filter press size 24", 36", 48",
5. PP. Membrane Filter press size 48x48"

Mr. M.D Patel (M) 98241 01133 Mr. Sajan Patel (M) 98241 08885
Plot No: A1-5301, Opp. Global Trade Center, Near J.P. Industries, Mega Chowkadi,
GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA
E-mail: sales@megamachineryindia.com | Web: www.megamachineryindia.com






# તંત્રીલેખ

## AIA ની ચૂંટણીના પરિણામો વિશ્લેષકો માટે ચિંતનનો વિષય બની રહ્યો

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ માટેના મેનેજીંગ કમિટીના સભ્યો માટેની ચૂંટણી યોજાઈ ગઈ. તેમાં ખુબ જોરશોરથી ચૂંટણી પ્રચાર થયો. આક્ષેપો પ્રતિ આક્ષેપો થયા. આર્ટીફિસિઅલ ઈન્ટેલીઝન્ટ્સ (AI ) ની મદદથી પોસ્ટરો બનાવીને સોસીઅલ મીડિયા પર આક્રમકઃ પ્રહારો થયા. ઘણી અજાણી વાતો બહાર આવી. લોકોએ વિકાસ પેનલ ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકીને તેમને આગળ વધવા માટે લીલી ઝંડી આપી.

એક વખત હતો કે સૌરાષ્ટ્ર લેઉવા પાટીદાર, કડવા પાટીદાર, મહેસાણા જિલ્લા, સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ ના સભ્યો તેમજ બીજા રાજ્યના સમૂહોનો એસ્ટેટમાં દબદબો હતો. લોકો મોભીઓના નિર્ણયને માથે ચડાવીને વોટિંગ કરતા હતા. પરિણામો પણ તે પ્રમાણે આવતા હતા. ચૂંટણીમાં ઉમેદવાર ઉભા રાખવાની પેટર્ન પણ તે પ્રમાણે રહેતી. જેના જેટલા સભ્યો તે પ્રમાણે ઉમેદવારો ઉભા રાખવામાં આવતા. ઘણી વખત આ બાબતમાં ખેંચતાણ થતી અને રિસામણાં મનામણાં થતા. પરંતુ આ થિયરી પાછલા કેટલાક વર્ષોમાં ખોટી સાબિત થઇ રહી છે.

લોકો બદલાવ માંગતા હતા. તેમને અનુભવે સમજાયું કે પેનલ બનાવવી આસાન કામ નથી. પેનલ વગર બદલાવ શક્ય નથી. છેલ્લા દસ વર્ષથી પેનલ વગર એકહથ્થુ શાસન ચાલી રહ્યું છે. સામે કોઈ પેનલ ના બનાવે તેની પૂરતી કાળજી લેવાઈ રહી છે. તે માટેના બધા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખુબ પ્રયાસો પછી માંડ માંડ પેનલ બની છે. જો બદલાવ કરવાની આ તક ચુકી ગયા તો બીજી તક ક્યારે આવે તે અંદાજ લગાવવો અને ત્યાં સુધી ધીરજ રાખવી શક્ય નથી. આથી આવેલી તક ઉપાડી લો બદલાવ લાવી દો. બાકી, સમાજના આગેવાનો આપણે સૌરાષ્ટ્રના આપણે મહેસાણાના એવી જં બુમો પાડતા રહ્યા. પરંતુ મતદારોના મગજમાં બીજું કંઈક ચાલતું હતું.

ચૂંટણી દરમ્યાન ક્યાં ક્યાં પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા તે રસપ્રદ છે. છઉસ્છ ચૂંટણીનો મુખ્ય મુદ્દો રહ્યો. સહયોગને તેની ઉપર બહુ આશા હતી. પરંતુ તે ઠગારી નીવડી. આ પ્લાન્ટ ઉદ્યોગો માટેનો પ્લાન્ટ છે. નો પ્રોફીટ નો લોસના સિદ્ધાત પાર તે ચાલશે. તે ઉદ્યોગકારોના મનમાં ઠસાવવામાં તેઓ નિષ્ફળ ગયા.

સોલિડ વેસ્ટ ડમ્પીંગ સાઈટનો પ્રશ્ન જોરશોરથી ઉઠાવવામાં આવ્યો. બંને પક્ષોએ ભાવની બાબતમાં ખુલાસા કર્યા. વરસાદમાં કચરો ભીનો થાય એટલે તેનું વજન વધે તે સમીકરણ જાણવા મળ્યું. NIVARAN એપ કેવી રીતે કાર્ય કરશે તેનો ટેસ્ટ લેવાયો. કચરો ફટાફટ સાફ કરવા પ્રયાસ કરાયો.

પ્લોટ એલોટમેન્ટ બાબતમાં પણ ઘણા આક્ષેપો થયા. GIDC ના કર્મચારીઓને ૧૧૦ પ્લોટ એલોટ થયા ઉદ્યોગકારોને કેમ નહીં . જેમને પ્લોટ એલોટમેન્ટ બાકી હતું તેમને અંજપો જરૂર થયો. તેનો જવાબ આપવા પ્રયાસ કરાયો. તેનાથી સંતોષ થયો કે નહિ તે ખબર નથી.

અંકલેશ્વર જીઆઈડીસી ૨૦૨૪ માં ૪૭ ટકા ગ્રીન બેલ્ટ હાંસલ કરી ચુક્યો હતો. આ વાત ખરેખર મારા ગળે ઉતરતી નથી. ઉદ્યોગપતિઓના ગળે ઉતરી કે નહિ તે મને ખબર નથી. વિશાલ જગ્યાઓમાં પ્લાન્ટ આવેલ છે. રોડ રસ્તા આવેલ છે. રહેણાંક વિસ્તાર આવેલ છે. કેટલીક કંપનીઓમાં તો ડ્રમ મુકવાની જગ્યા નથી. ઝાડ ઉગાડવાનો તો પ્રશ્ન જ નથી. ૪૭ ટકા ગ્રીન બેલ્ટ કેવી રીતે બન્યો તે પ્રશ્ન છે. એસ્ટેટમાં જે જગ્યા ગ્રીન બેલ્ટ માટે ફાળવી હતી તે જગ્યા ઉપર ઈમારતો ઉભી કરાઈ છે. ૪૦ ટકા ગ્રીન બેલ્ટની શરત કેમ લદાઈ ?

કામદારો માટે રાહત દરનું ભોજનાલય તૈયાર છે છતાં ધૂળ ખાઈ રહ્યું છે. પ્રશ્ન ઉઠાવતા કામમાં ઝડપ આવી છે. ટેન્ડર મંગાવ્યા છે. વિરોધપક્ષની ભૂમિકા બરાબર ભજવી હોય તેવો આભાસ થયો. હવે ક્યારે કાર્યરત થાય છે અને શું અડચણો આવે છે તે જોવું રહ્યું.

ઉતાવળમાં ટ્રાન્સપોર્ટનગરનું ઉદઘાટન કરવામાં આવ્યું. કેટલોક ભાગ કાર્યરત કર્યો. કેટલોક બાકી છે. વિકાસ દ્વારા કામનો જસ ખાટવા પ્રયાસ કરાયો. કેટલી સફળતા મળી રામ જાણે. રહેણાંક વિસ્તારના તળાવની બાબતમાં પણ ખુબ રાજકારણ રમાયું. તેના ખાતમુહતને લઈને ખુબ રાજકારણ રમાયું. કમ સે કમ તળાવની જમીનનો બીજો ઉપયોગ કરવાની જે ખારી દાનત હતી. તેની ઉપર પૂર્ણ વિરામ મુકાયું. લોકોને તળાવ વિષે ઘણું બધું જાણવા મળ્યું. તળાવની સાથે ફિલ્ટર પ્લાન્ટ, બગીચો અને ખાણીપીણી માટે પણ જગ્યા બનશે. અત્યારે નકશો પાસ કરાવવાની અંતિમ પ્રક્રિયા ચાલી રહી છે. જો કે પાણી ક્યાંથી લાવવું તે બાબતમાં પ્રશ્ન ગૂંચવી નાખવાના પ્રયાસો થઇ રહ્યા છે. શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખુબ ઝડપથી ભૂમિ પૂજન કરી નાખવામાં આવ્યું. તે બાબતને લઈને વિવાદ થયો. ભુમીપુજન કર્યું છે એટલે અર્બન હેલ્થ સેન્ટર બનશે અને લોકોને લાભ મળશે તેવી આશા રાખીએ. બાકી, ૮૦,૦૦૦ ની વસ્તી ધરાવતા વિસ્તારને એટલા વર્ષો પછી સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મળે તે નાલેશી જ છે. એસ્ટેટમાં કોઈ સરકારી માધ્યમિક સ્કૂલ નથી. તે વિષે પણ વિચારવું રહ્યું.

વૃક્ષોને રંગરોગાન કરી શુશોભિત કરવાના પ્રયાસ સામે પણ પ્રશ્નો કરવામાં આવ્યા. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ વૃક્ષના થડના તળિયા ભાગે જમીનથી ૧ થી ૧.૫ ફૂટ ઊંચાઈ સુધી જ રંગ /ચૂનો કરવો. તો પછી નિયમનો ભંગ કેમ કરાયો. જો કે આ કામના ઘણા લોકોએ વખાણ કર્યા હતા અને બીજી જગ્યાએ તેનું અનુકરણ કરવામાં આવ્યું હતું.

એસ્ટેટમાં અંડર ગ્રાઉન્ડ કેબલિંગને લઈને થયેલ કાર્યની બાબતમાં પ્રશ્ન કરવામાં આવ્યા. લોકોને જાણવા મળ્યું કે કામ કેટલે આવ્યું છે.

તળાવને કિનારે બનનાર અંતિમધામ બાબતમાં પ્રશ્નો થયા. તેનું કામ આગળ કેમ નથી વધતું તે બાબતમાં પ્રશ્નો થયા. બાઉન્ડરી વોલ અને સુશોભનનું કામ ચાલ્યા કરશે પરંતુ પ્રજા જનહિત માટે કેમ ખુલ્લું નથી મુકાતું .

અંકલેશ્વર જીઆઈડીસી વસાહત માટે પીવાના પાણીની વધારાની ફાળવણી સાથે ૫ વર્ષનું નવીનીકરણ મંજુર. પરંતુ રહેણાંક વિસ્તારના લોકોને તેનો લાભ ક્યારે મળશે? જેમાં લાભ ખાટવા માટે પ્રયાસ કરાયો.

આગામી સમયમાં વિકાસ દ્વારા કેવી રીતે કામગીરી થાય છે અને લોકોનો વિશ્વાસ જીતાય છે તેની ઉપર સૌનું ધ્યાન રહેશે.

# વેનેઝુએલા : ધરતીમાં એવું શું થયું કે આટલી તબાહી સર્જાઈ?






દુનિયામાં અલગ અલગ ખૂણામાં ૨૪ કલાકની અંદર અચાનક ધરતી ધ્રુજી ઊઠી હતી. કેલિફોર્નિયામાં ૫.૬ની તિવ્રતાનો ભૂકંપ આવ્યો, એ જ દિવસે વેનેઝુએલામાં ૭.૨ અને ૭.૫ની તિવ્રતાના ભૂકંપના બે વિનાશક આંચકા આવ્યા જ્યારે જાપાનમાં ગુરુવારે સવારે ૬.૯ની તિવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ૨૪ કલાકની અંદર દુનિયામાં આવેલા આ ભૂકંપથી તે એકબીજા સાથે જોડાયા હોવાની આશંકા ઊભી થઈ રહી છે. જોકે, વૈજ્ઞાનિકોએ ૨૪ કલાકમાં આવેલા ત્રણેય ભૂકંપને યોગાનુયોગ ગણાવ્યા છે. પૃથ્વીના નકશા પર કેલિફોર્નિયા, વેનેઝુએલા અને જાપાનના ભૂકંપગ્રસ્ત વિસ્તારો હજારો કિલોમીટર દૂર આવેલા છે અને ત્રણેય જગ્યાએ ભૂકંપ આવવા પાછળના વૈજ્ઞાનિક કારણો તદ્દન ભિન્ન છે. વેનેઝુએલાનો ભૂકંપ કેરેબિયન પ્લેટ અને સાઉથ અમેરિકન પ્લેટ ની સરહદ પર આવ્યો છે. અહીં બંને પ્લેટો સામસામે અથડાતી નથી, પરંતુ પ્રતિ વર્ષ ૨૦ મીમીની ઝડપે આડી દિશામાં એકબીજા સાથે ઘસાય છે, જેને 'સ્ટ્રાઈક-સ્લિપ' હલનચલન કહે છે. આ આડી ઘસાતી ગતિને લીધે વેનેઝુએલામાં છીછરા અને જોરદાર આંચકા આવ્યા. તેનાથી તદ્દન વિપરીત, જાપાનનો ભૂકંપ 'સબડક્શન ઝોન'ના કારણે આવ્યો છે. જાપાન જે વિસ્તારમાં છે ત્યાં પ્રશાંત મહાસાગરની પ્લેટ એશિયાઈ ખંડની ઓખોત્સ્ક પ્લેટ ની નીચે ધસી રહી છે. એટલે કે એક પ્લેટ બીજી પ્લેટની નીચે દબાય છે. આ ઊભી હલનચલનને કારણે પ્લેટો વચ્ચે પેદા થતા ઘર્ષણથી ફૂજી પાસે ૫૦ કિમીની ઊંડાઈએ સ્લિપ થઈ અને ભૂકંપ આવ્યો હતો.

ભૂસ્તરશાસ્ત્રીની દ્રષ્ટિએ આ બંને વચ્ચે કોઈ પરોક્ષ સંબંધ અથવા વૈશ્વિક જોડાણની વાત કરીએ, તો તેને વિજ્ઞાનમાં 'સ્થિતિ સ્થાપક પ્રત્યાઘાત' અથવા પ્લેટ ટેક્ટોનિક્સનું વૈશ્વિક સંતુલન કહી શકાય.

પૃથ્વીની સપાટી પર આવેલી તમામ ટેક્ટોનિક પ્લેટો એકબીજા સાથે એક વિશાળ પઝલની જેમ જોડાયેલી છે. જ્યારે પૃથ્વીના કોઈ એક છેડે (જેમ કે વેનેઝુએલામાં) ૭.૫ની તીવ્રતાના ભૂકંપથી પ્રચંડ ઊર્જા મુક્ત થાય છે, ત્યારે પૃથ્વીના વૈશ્વિક ટેક્ટોનિક માળખામાં સહેજ ક્ષોભ પેદા થાય છે. આ વૈશ્વિક દબાણના બદલાવને કારણે, પૃથ્વીના બીજા છેડે આવેલા અન્ય સંવેદનશીલ અને પહેલેથી જ દબાણ હેઠળ રહેલા ફોલ્ટ ઝોન (જેમ કે જાપાનનો સબડક્શન ઝોન)માં ભૂકંપ આવવાની પ્રક્રિયા ઝડપી બની શકે છે. આમ, આ ભૂકંપ કોઈ એક જ ફોલ્ટ લાઈનના કારણે નથી આવ્યા અને તેમની પ્લેટો પણ અલગ છે, પરંતુ પૃથ્વી પોતાની ટેક્ટોનિક ઊર્જાનું સંતુલન જાળવવા જે પ્રયાસો કરે છે, તેના ભાગરૂપે આ આંચકાઓ ૨૪ કલાકના સમયમાં ત્રણ જગ્યાએ જોવા મળ્યા હોઈ શકે છે.વેનેઝુએલાની રાજધાની કારાકસ પાસે આવેલા બે ભીષણ ભૂકંપ બાદ બચાવકાર્ય ચાલુ છે અને હજુ પણ કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી ચાલુ છે.માહિતી મળી કે ભૂકંપ બાદ ૩૦ નાના નાના આંચકા અનુભવાયા હતા અને તેના કારણે મોટી તબાહી સર્જાઈ છે.આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૪,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આશંકા છે કે મૃતકોની સંખ્યા વધી શકે છે.આ ભૂકંપ બાદ અનેક લોકો બેઘર થઈ ગયા છે. લોકો રસ્તા પર રાત વિતાવવા મજબૂર બન્યા છે.અમેરિકન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ અનુસાર, પહેલા ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, પછી થોડી સેકન્ડો બાદ ૭.૫ શક્તિશાળી ભૂકંપ આવ્યો. બંને ભૂકંપ ધરતીની સપાટીથી ઘણા નજીક હતા, જેના કારણે તબાહી થઈ.આ ભૂંકપ બુધવારે સ્થાનિક સમયાઅનુસાર સાંજે ૬:૦૪ વાગ્યે આવ્યો હતો.વેનેઝુએલા એવા વિસ્તારમાં આવેલું છે જ્યાં ભૂકંપનું જોખમ સૌથી વધુ રહેલું છે. બે ટેક્ટોનિક પ્લેટો - કેરેબિયન પ્લેટ અને દક્ષિણ અમેરિકન પ્લેટ અહીં ભેગી થાય છે.યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલૉજિકલ સર્વે અનુસાર, બુધવારે આવેલા બે ભૂકંપમાંથી બીજો અને વધુ શક્તિશાળી ભૂકંપ આ પ્લેટોની સીમા નજીક હલનચલનને કારણે આવ્યો હતો. આવી ઘટના અસામાન્ય ગણાતી હોય છે.આનો અર્થ એ થાય કે પ્લેટો વચ્ચે આવેલી ફૉલ્ટ લાઈનો એટલે તિરાડો, હૉરિઝોન્ટલી સરકે છે જયારે આ હિલચાલ અચાનક અને ઝડપથી થાય છે, ત્યારે ભૂકંપ આવે છે.યુએસજીએસે જણાવ્યું હતું જોકે નકશા પર ધરતીકંપોને ઘણી વાર એક બિંદુ તરીકે દર્શાવવામાં આવે છે, પરંતુ આ તીવ્રતાના ભૂકંપને વાસ્તવમાં મોટા ફોલ્ટ એરિયામાં થયેલી સ્લીપ તરીકે સમજવું વધુ યોગ્ય છેયુએસ જીઓલૉજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, આજે બે ભૂકંપમાંથી બીજો અને મોટો ભૂકંપ આ પ્લેટોની સીમા નજીક "છીછરા સ્ટ્રાઈક-સ્લિપ ફોલ્ટિંગ"ના કારણે આવ્યો હતો.આવું ત્યારે થાય જયારે પ્લેટો વચ્ચેના ફોલ્ટ્સ અથવા ફ્રૅક્ચર અવળી રીતે રીતે ખસે છે. જયારે આ હિલચાલ ઝડપથી થાય છે ત્યારે ભૂકંપ થાય છૅ. ઑક્સફર્ડ યુનિવર્સિટીના ડૉ. જેસિકા હોથોર્ન ૧૬ જેટલા ટેક્ટોનિક પ્લેટનો ઉલ્લેખ કરે છે.તેઓ કહે છે, તમારા નખ જેટલી ઝડપથી વધે છે - તેટલી જ ઝડપથી પ્લેટો ફરે છે."ફોલ્ટ એ એવી જગ્યા છે જ્યાં બે પ્લેટો એકબીજાની પાછળથી ખસે છે, તેથી તમારી પાસે એક બાજુ એક ઘન બ્લૉક અને બીજી બાજુ એક ઘન બ્લૉક છે અને તેઓ એકબીજાની પાછળથી ખસી રહ્યા છે."આ બંને ભૂકંપથી મોટી તબાહી પણ સર્જાઈ છે. રાત થતા સુધીમાં સ્થાનિક લોકો ઠેર ઠેર ભટકતા જોવા મળ્યા હતા. તેમાંથી ઘણા લોકો બેઘર થઈ ગયા છે. તેમની પાસે રહેવા માટે કોઈ આશરો નથી. તેઓ પોતાના સ્વજનો મળે તેની રાહ જોઈ રહ્યા છે.અધિકારીઓએ કહ્યું કે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનું આકલન હજુ પણ શરૂ થઈ શક્યું નથી.વેનેઝુએલાની રાજધાની કારાકસના રસ્તાઓ પર કાટમાળ વિખરાયેલો પડ્યો છે. બચાવકર્મીઓ ઈમારતની નીચે દબાયેલા જીવિત લોકોને શોધી રહ્યા છે.કારાકસ અને પાસેના તટીય શહેર લા ગ્વાઈરામાં ધ્વસ્ત થયેલી ઈમારતોમાંથી દબાયેલા લોકોના અવાજ સંભળાઈ રહ્યા છે.વેનેઝુએલાના અસરગ્રસ્ત વિસ્તારોનું ચિત્ર હજુ સુધી સ્પષ્ટ થયું નથી. વીજળી અને ઇન્ટરનેટ સેવાઓ બાધિત થવાને કારણે પરિસ્થિતિ વધુ મુશ્કેલી થઈ ગઈ છે.આને કારણે ભૂકંપથી પ્રભાવિત લોકો અને તેની અસર વિશે માહિતી મેળવવાનું મુશ્કેલ બની રહ્યું છે.ભૂકંપનું કેન્દ્ર કરાકાસના પશ્ચિમમાં મોન્ટાલબાન વિસ્તારમાં હતું. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારો દેશના ઉત્તરીય દરિયાકાંઠાના વિસ્તારોમાં છે, જેમાં લા ગુરિયા, અરાગુઆ, કરાબોબો અને ફાલ્કનનો સમાવેશ થાય છે.યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલૉજિકલ સર્વે અનુસાર, મૃત્યુઆંક ૧૦,૦૦૦થી વધુ થવાની ૪૪ ટકા શક્યતા છે. વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ, ડેલ્સી રૉડ્રિગ્ઝે, તેમના રાષ્ટ્રને સંબોધન કરીને કટોકટીની જાહેરાત કરી હતી.જોકે વેનેઝુએલાની રાજધાનીમાં આવું પહેલી વાર નથી થયું.કારાકસમાં વર્ષ ૧૯૬૭માં ૬.૬ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને તેમાં ૨૦૦થી વધુ લોકોનાં મોત થયાં હતાં. આ ભૂકંપથી પાલોસ ગ્રાન્દેસ અને અલ્તામીરા જેવા પૉશ વિસ્તારની અનેક ઈમારતો પણ તબાહ થઈ ગઈ હતી.

# ગુજરાતમાં ૮ નવી GIDCની જાહેરાત, ૫ જિલ્લાના ૩૬૧૧ એકર વિસ્તારમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બનશે

ખેડાના મહિજ, સરખેજ, અંઘાડી અને મહિસા, અમદાવાદના માંડલ, પંચમહાલના નદીસર, છોટાઉદેપુરના ઊંડવા તથા ભાવનગરના મોણપુર ખાતે નવી જીઆઈડીસી બનશે.

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોકાણ, વિકાસ અને રોજગાર ક્ષેત્રે ગુજરાતને વધુ વિશ્વસનીય બનાવવાના હેતુસર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની વડોદરામાં યોજાયેલી ચોથી કડીમાં વિવિધ જિલ્લાઓમાં ૮ નવી ૈંઙ્ઘઝની સ્થાપનાની જાહેરાત કરી હતી.

રાજયના સર્વાંગી ઔદ્યોગિક વિકાસને વધુ ગતિ આપવા આ સ્માર્ટ એસ્ટેટ્સ દ્વારા આધુનિક સુવિધાઓ, સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખેડા, અમદાવાદ, પંચમહાલ, છોટાઉદેપુર અને ભાવનગર જિલ્લામાં ૩૬૧૧ એકર વિસ્તારમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ કાર્યરત થશે.

તદઅનુસાર, ખેડા જિલ્લાના મહિજ જીઆઈડીસીને ૧૩૦.૩ એકર વિસ્તારમાં, કઠલાલ તાલુકાના સરખેજ જીઆઈડીસીને ૩૩૨.૭ એકર વિસ્તાર, મહુધા તાલુકાના મહિસા જીઆઈડીસીને ૧૮.૫ એકર, ગળતેશ્વર તાલુકાના અંઘાડી જીઆઈડીસીને ૩૧૦.૯ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવશે.

આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના માંડલ જીઆઈડીસીને ૫૧૫.૨ એકર વિસ્તારમાં, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર જીઆઈડીસીને ૧૦૫.૫ એકર વિસ્તારમાં, છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાના ઉંડવા જીઆઈડીસીને ૨૪૭.૧ એકર વિસ્તારમાં અને ભાવનગર જિલ્લાના વલ્ભીપુર તાલુકાના મોણપુર જીઆઈડીસીને ૧૯૫૦.૭ એકર વિસ્તારમાં નવા સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ જાહેરાત અંતર્ગત ગુજરાતના વિવિધ જિલ્લાઓ મળી કુલ ૩૬૧૧ એકર વિસ્તારમાં નવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ્સ વિકસાવવામાં આવશે. સરકારના કહેવા મુજબ, આ આયોજનથી મધ્ય ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણને વેગ મળશે, રોજગારીની નવી તકો ઊભી થશે તેમજ સ્થાનિક વિકાસને પ્રોત્સાહન મળશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગો માટે પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓ સાથે સુવ્યવસ્થિત ઔદ્યોગિક વિસ્તારોનું નિર્માણ, રોકાણકારોને સરળતા અને સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી કરવાનો છે.

સરકાર મુજબ, આ નિર્ણયથી રાજયમાં વિકસાવવામાં આવનારા આ સ્માર્ટ એસ્ટેટ્સ ઉદ્યોગ, ટેકનોલોજી અને રોજગારના નવા કેન્દ્રો તરીકે ઉભરી આવશે. આ પ્રકલ્પો દ્વારા નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોને એક મજબૂત ઔદ્યોગિક ઈકોસિસ્ટમ મળશે અને તેમજ સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને રોજગારીની નવી તકોનું સર્જન થશે.

# NIVARAN એપ રહેણાંક અને ઉદ્યોગોના પ્રશ્નો અસરકારક રીતે હલ કરવાની ક્ષમતા ધરાવે છે

Nivaran

નિવારણ
ANKLESHWAR GIDC
સમસ્યાથી સીધું નિવારણ

તાજેતરમાં અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને અંકલેશ્વર નોટીફાઈડ દ્વારા તૈયાર કરવામાં આવેલ નિવારણ "NIVARAN " એપ રહેણાંક વિસ્તાર અને ઉદ્યોગોના રોજબરોજના પ્રશ્નો ઉકેલવા માટે ખૂબ જ ઉપયોગી છે. રોજબરોજના પ્રશ્નોના ઉકેલ માટે આધુનિક ટેક્નોલોજીનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ છે. ભવિષ્યમાં બીજી પણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેનું અનુસરણ કરશે તે નિશ્ચિત છે.

એપ એવી રીતે બનાવવામાં આવી છે કે સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પણ તેનો ઉપયોગ કરી શકે અને પોતાના પ્રશ્નનું નિવારણ કરાવી શકે, તેમજ તે જાણી શકે કે તેની ફરિયાદની શું સ્થિતી છે.

તેમાં કોમ્પ્લેઈન ક્યાં ડિપાર્ટમેન્ટની છે તે જણાવીને વ્યક્તિ લોકેશન સાથે જણાવી શકે છે. નોટીફાઈડ ઓફિસમાં પણ પ્રશ્નનું ઝડપી ઉકેલ આવે તે માટે પ્રયાસ કરી શકાય. અધિકારીઓ અને કર્મચારીઓ પણ પ્રશ્નના નિવારણ માટે જાગૃત રહે અને કાર્ય ઝડપી પૂર્ણ કરવાનું ધ્યેય રાખે.

જેમ જેમ આ એપનો ઉપયોગ થતો જશે તેમ તેમ આ એપ તેની ખૂબીઓ અને ખામીઓ ઉજાગર થતી જશે.

આ પ્રકારની એપ બનાવીને જાહેર ઉપયોગ માટે મૂકવી તે એક સાહસનું કામ છે. કારણકે કામ દ્વારા લોકોને સંતોષ આપી શકીશું તેવો આત્મવિશ્વાસ હોય તો જ આ કાર્ય હાથમાં લઈને લોકોની વચ્ચે જઈ શકાય છે.

## NIVARAN એપ જાહેર ઉપયોગ માટે મુકાવી તે સાહસિક પગલું છે

જો કે આ સાથે ફરિયાદ માટેનો લોકલ ફોન નંબર પણ કાર્યરત રાખવામાં આવે તેવી લોકમાંગ પણ કરવામાં આવી છે.

એપમાં પર્યાવણ વિશેની પણ માહિતી છે. તેથી તે પોતાના વિસ્તારમાં હવાની ગુણવત્તા વિષે પણ આછેરી માહિતી મેળવી શકે.

## ખુબ લાંબા સમયની માંગણીના સુખદ સમાચારઃ પાનોલી જીઆઈડીસીના ગેટ-૧ પાસે એસટીની બસો ઉભી રહેશે



નેશનલ હાઈવે પર અંકલેશ્વરથી સુરત જતા અંકલેશ્વરથી આશરે ૧૦ કિલોમીટરના અંતરે આવેલી પાનોલી જીઆઈડીસીના ગેટ-૧ પર હવે એસટીની તમામ બસોને સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ નવી સુવિધાના કારણે વડોદરા અને સુરત તરફ જવા માટે મુસાફરોને અંકલેશ્વર સુધીનો ફેરાવો ઓછો થઈ જશે. હવે સીધા પાનોલીથી જ વડોદરા અને સુરત તરફ જતી એસટી બસમાં બેસી શકાશે. આ નાનું દેખાતું કાર્ય અસરગ્રસ્તો માટે ખુબ મોટા વરદાન સમાન છે.

પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને એસટી નિગમના સંયુક્ત પ્રયાસોથી હવે સુરત અને વડોદરા તરફ જતી બસોને પાનોલી ખાતે સ્ટોપેજ આપવામાં આવ્યું છે. અત્યાર સુધી પાનોલી જીઆઈડીસીમાં આવતા કર્મચારીઓ અને કામદારોને ભારે અગવડનો સામનો કરવો પડતો હતો. તેમાં રાહત મળશે તેવી અપેક્ષા રાખી શકાય. સ્ટેશનથી કંપની સુધી જવા માટે લોકલ પ્રાઈવેટ વિહિકલને પણ પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત બાકરોલ, સંજાલી, ખરોડ, તેમજ નજીકના આલુજ અને પાનોલી ગામના નાગરિકો ને અવર-જવર માટે ભારે અગવડનો સામનો કરવો પડતો હતો. તેનો પણ અંત આવશે. આ સમાચારથી આસપાસના ગામલોકોમાં આનંદની લાગણી પ્રસરી જય છે. કારણકે અગાઉ યોગ્ય પરિવહન સેવાના અભાવે કલાકો સુધી રાહ જોવી પડતી હતી અથવા ખાનગી વાહનોનો આશરો લેવો પડતો હતો.

આ વિકટ સમસ્યાનો ઉકેલ માટે પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ બી. એસ. પટેલ તથા ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેન પરેશ આસ્લોટ તરફથી આ રજૂઆત કરવામાં આવી હતી.હવે સીધા પાનોલીથી જ વડોદરા અને સુરત તરફ જતી એસટી બસમાં બેસી શકાશે.અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમ તરફથી લેવાયેલા નિર્ણયના કારણે પાનોલી જીઆઈડીસીમાં કામ કરતાં હજારો કર્મચારીઓને પણ લાભ થશે. કર્મચારીઓ જીઆઈડીસીની આસપાસ આવેલાં સંજાલી સહિતના ગામડાઓમાં વસવાટ કરતાં હોય છે. જયારે તેમને વડોદરા કે સુરત તરફ જવું હોય ત્યારે એસટી બસમાં બેસવા માટે અંકલેશ્વર જીઆઈડીસી ડેપો સુધી જવું પડતું હોય છે.





ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Champion Jointing Pvt. Ltd. Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં GNFCના સુવર્ણ જયંતિ મહોત્સવની ગરિમામય ઉજવણી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજય સરકારના જાહેર ક્ષેત્રના સંયુક્ત સાહસ ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ GNFCના સુવર્ણ જયંતી મહોત્સવની ગરિમામય ઉજવણી નર્મદા નગર ખાતે કરાવી હતી.

મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, GNFCની પાંચ દાયકાની સફળતા ગુજરાતના વિકાસ, ખેડૂતોની સમૃદ્ધિ અને આત્મનિર્ભર ભારત માટેના યોગદાનની અનન્ય ગાથા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત-આત્મનિર્ભર ભારત ૨૦૪૭ના સંકલ્પમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે GNFCએ તૈયાર કરેલા પોતાના રોડમેપને વર્તમાન ૭ હજાર કરોડના વિવિધ પ્રોજેક્ટ્સને ૧૦ ગણા વધારીને ૨૦૪૭ સુધીમાં ૭૦ હજાર કરોડના પ્રોજેક્ટ્સ સુધી લઈ જઈને સાકાર કરવાનું GNFC પરિવારને આહવાન કર્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારે પણ વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડમેપ ૬ રિજીયનમાં સર્વગ્રાહી વિકાસ માટેના લોંગ ટર્મ વિઝન સાથે તૈયાર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના સળંગ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસર અને GNFCની ગોલ્ડન જ્યૂબિલી અવસર બેયને સુભગ સમન્વય ગણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ૧૨ વર્ષમાં ભારત વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ તેજ ગતિએ આગળ વધ્યું છે.

તેમણે આ વિકાસયાત્રામાં દેશના પબ્લિક સેક્ટર અન્ડર ટેકિંગ્સ-જાહેર ક્ષેત્રના સાહસોના મહત્વપૂર્ણ યોગદાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પી.એસ.યુ.ને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને સ્પર્ધાત્મકતા સાથે પ્રોફેશનલ એપ્રોચથી પ્રોફીટેબલ બનાવ્યા છે. મુખ્યમંત્રીએ ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તા યુક્ત ખાતરો પૂરા પાડીને કૃષિ ઉત્પાદકતા વધારવા સાથે કેમિકલ ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવા પર્યાવરણ જાળવણી સાથે આર્થિક-સામાજિક વિકાસની નેમ સાકાર કરવાના હેતુથી GNFCની થયેલી સ્થાપનાની સરાહના કરી હતી.

તેમણે GNFC એ નીમ પ્રોજેક્ટ હેઠળ લીંબોડીના તેલનો યુરિયાના નીમકોટિંગ તરીકે ઉપયોગ તથા લીમડાના તેલમાંથી બનાવેલા ઓર્ગેનિક ઉત્પાદનોની પહેલને પણ બિરદાવી હતી. આ નીમ પ્રોજેક્ટ અંતર્ગત લીંબોડી ભેગી કરવાના કામોમાં ગ્રામીણ મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપને જોડીને અંદાજે ૪.૫૦ લાખથી વધુ બહેનોને આર્થિક રીતે પગભર કરવાના ભગીરથ કામ માટે અને ભરૂચ જિલ્લાના ૫૦ ગામોના સર્વાંગી વિકાસ માટે ૫૦ વિકસિત ગામો-વિઝન ૨૦૪૭ની મહત્વાકાંક્ષી પહેલ માટે મુખ્યમંત્રીએ GNFC મેનેજમેન્ટને અભિનંદન આપ્યા હતા. મુખ્યમંત્રીએ GNFCના સુવર્ણ જયંતી ઉત્સવની ઉજવણીના ભાગરૂપે નર્મદા નગર ટાઉનશીપમાં નમો વડવન, મિયાવાકી ફોરેસ્ટ અને ઓક્સિજન પાર્કનું લોકાર્પણ તેમજ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરનું ઉદઘાટન અને GNFCની ૫૦ વર્ષની સફળતાની ગાથા આલેખતી કોફિટેબલ બુકનું વિમોચન પણ કર્યુ હતું.

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડની ગોલ્ડન જ્યુબિલી મહોત્સવ પ્રસંગે GNFCના ચેરમેન અને રાજ્યના મુખ્ય સચિવ મનોજ કુમાર દાસે ૧૯૯૧માં ગુજરાતમાં સનદી અધિકારી તરીકે તેમની નિમણૂક સમયે 'ગુજરાત દર્શન ટૂર' અંતર્ગત તેમને લીધેલી GNFCની મૂલાકાતની યાદો તાજી કરી હતી. તેમણે GNFCની ગૌરવપૂર્ણ સફર વિશે ભારપૂર્વક જણાવ્યું કે, કંપનીએ ભૂતકાળના વિઝન કરતાં આજે ઘણી મોટી પ્રગતિ કરી છે. કંપનીની આ ઐતિહાસિક સફળતા માટે તેમણે ૨,૭૩,૦૦૦ જેટલા શેરહોલ્ડર્સ, તમામ અધિકારીઓ, કર્મચારીઓ, સપ્લાયર્સ તેમજ કંપનીના નવનિર્માણમાં ડિઝાઈન, કોન્ટ્રાક્ટ કે શ્રમ કરનાર તમામ નાના-મોટા શ્રમિકોની મહેનતને બિરદાવી હતી.

મુખ્ય સચિવ અને ચેરમેનએ વિઝન ૨૦૪૭ અને ભવિષ્યના આયોજનોનો રોડમેપ આપતા જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારની તમામ કંપનીઓએ 'વિઝન ૨૦૪૭' ડોક્યુમેન્ટ મંજૂર કર્યો છે. હાલમાં GNFC ના આશરે સાતેક હજાર કરોડના પ્રોજેક્ટ્સ કાર્યરત છે.

વધુમાં જણાવ્યું કે, ભવિષ્યમાં કંપની વૈશ્વિક પ્રવાહો સાથે તાલ મિલાવીને Consolidate, Expand, and Diversify (મજબૂતીકરણ, વિસ્તરણ અને વૈવિધ્યકરણ) ના ધ્યેય સાથે આગળ વધશે. સાથે જ જીએનએફસી કંપનીએ અત્યાર સુધીમાં શિક્ષણ, આરોગ્ય અને પોષણ જેવા ક્ષેત્રોમાં આશરે રૂ. ૨૦૦ કરોડનો સીએસઆર ખર્ચ કર્યો છે. જેના પ્રતિક સ્વરૂપે 'વિકસિત ભારત'ના લક્ષ્ય હેઠળ ભરૂચ જિલ્લાના ૫૦ જેટલા ગામોને દત્તક લઈને વિકસિત ગામો બનાવવા એ કંપનીનો સંકલ્પ છે. નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી અને આત્મનિર્ભરતાની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જાહેર કરાયેલી નવી ઉદાર ઈન્ડસ્ટ્રીયલ પોલિસીમાં ૨૫ થી ૩૦ ટકા સુધીના ઈન્સેન્ટિવ્સની જોગવાઈ છે. તેના કારણે GNFCના પ્રોજેક્ટ્સની વાયેબિલિટીને મોટો વેગ મળશે. અને @2047 ના લક્ષ્યાંકો સમય કરતા વહેલા પૂરા કરી શકાશે.

# આ વખતે ચૂંટણીમાં AI ની મદદથી બનાવેલ પોસ્ટરોએ ધૂમ મચાવી




**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ ની મેનેજીંગ કમિટી માટેના સભ્યોની ચૂંટણીમાં આ વર્ષની ખાસિયત એ છે કે સોસીઅલ મીડિયા ઉપર જબરજસ્ત પ્રચાર કરવામાં આવ્યો હતો. બંને બાજુ આક્ષેપો અને પ્રતિ આક્ષેપો કરવામાં આવ્યા હતા. AI (આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્ટ) નો ઉપયોગથી ચૂંટણી પ્રચારની આખી સિસ્ટમ બદલાઈ ગઈ છે. છૈં નો ઉપયોગ કરીને બેનર બનાવવામાં આવે છે. તેમાં વિચારોને સરસ રીતે પ્રતિબિંબિત કરાય છે. બંને પક્ષોને મજા આવી ગઈ. જેવું વિચારીએ તેવું વિચારોને પ્રતિબિંબીત કરતુ પોસ્ટર તૈયાર થઇ જાય છે. જેથી અસરકારક રીતે રજુ કરી રહ્યા હતા.**

# યુપીએલને કૃષિ વ્યવસાય ક્ષેત્રમાં ટોપ ઈનોવેટર તરીકે સન્માન

ટકાઉ કૃષિ ઉકેલો પ્રદાન કરતી વૈશ્વિક અગ્રણી કંપની યુપીએલ લિમિટેડ (UPL Ltd.) ને કૃષિ વ્યવસાય (Agri Business) શ્રેણીમાં ક્લેરિવેટ સાઉથ એશિયા ઈનોવેશન એવોર્ડ ૨૦૨૬થી સન્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડ સમારોહ ૫ જૂન, ૨૦૨૬ના રોજ મુંબઈમાં યોજાયો હતો, જેમાં દક્ષિણ એશિયાભરમાં નવીનતામાં શ્રેષ્ઠતા દાખવનારી અને વિવિધ ઉદ્યોગોના ભવિષ્યને આકાર આપતી સંસ્થાઓને સન્માનિત કરવામાં આવી હતી.

આ સતત ચોથું વર્ષ છે જ્યારે યુપીએલને આ પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિ કંપનીની નવીનતા પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે અને વિશ્વભરના ખેડૂતો તેમજ ખાદ્ય પ્રણાલીઓ માટે મૂલ્ય સર્જતી અદ્યતન કૃષિ ટેકનોલોજીના વિકાસમાં તેના નેતૃત્વને વધુ મજબૂત બનાવે છે.

ક્લેરિવેટની એવોર્ડ પસંદગી પ્રક્રિયા તેના માલિકીના ડર્વેન્ટ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (Derwent Strength Index) અને વૈશ્વિક પેટન્ટ ડેટા પર આધારિત કડક સંશોધન દ્વારા કરવામાં આવે છે. મૂલ્યાંકનમાં ટેકનિકલ પ્રગતિ અને વ્યાવસાયિક પ્રાસંગિકતાનું સંયુક્ત મૂલ્યાંકન કરવામાં આવે છે, જેમાં પેટન્ટ ફાઈલિંગ પ્રવૃત્તિ અને નવીનતાના પ્રભાવને મુખ્ય માપદંડ તરીકે ગણવામાં આવે છે.

યુપીએલના પ્રતિનિધિએ જણાવ્યું હતું:

"આ સન્માન અમારી નવીનતા આધારિત વ્યવસ્થાની મજબૂતાઈ અને કૃષિ ક્ષેત્ર માટે વિજ્ઞાન આધારિત ઉકેલો વિકસાવવામાં અમારી ટીમોની સમર્પિત કામગીરીનું પ્રતિબિંબ છે. યુપીએલમાં અમે સતત ટેકનોલોજી અને સંશોધનમાં રોકાણ કરીને કૃષિ ક્ષેત્રના બદલાતા પડકારોનો સામનો કરવા, ખેડૂતોને સશક્ત બનાવવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે કાર્યરત છીએ, જેથી વૈશ્વિક કૃષિ સમુદાય માટે લાંબા ગાળાનું મૂલ્ય સર્જી શકાય."

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
● All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
● Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
● PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
● All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BI BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant (2) Ethanol Consultant (3) Poison Licence (4) Sulphur Licence (5) Chlorate Licence
(6) Explosive Licence (7) PESO Licence (8) Solvent Consultant (9) MSME Registration (10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US?
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
• ESG Reporting
• Carbon, Water & Green Credit Advisory
• GHG Accounting & Carbon Footprint Studies
• Sustainability & BRSR Reporting
• Environmental Product Declarations (EPD)
• Environmental Consulting & Due diligence
• Energy & Water Audits
OUR CLIENT
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002